ક્રમાંક:રાપબો/ખા.પ/૨૦૨૪/૧૦૩૬૮-૧૦૪૫૮

રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય,
સરકારી પુસ્તકાલયની સામે
સેક્ટર-૨૧, ગાંધીનગર
તા: ૭/૧૨/૨૦૨૪

<u>પરિપત્ર :</u>

વિષય :- ખાતાકીય પરીક્ષાઓની તારીખ પ્રસિધ્ધ કરવા બાબત.

સંદર્ભ :-(૧) જાહેરનામા:ક્રમાંક/રાપબો/ખા.પ/૨૦૨૪/૮૬૭૮-૮૬૮૮,તા.૧૭/૧૦/૨૦૨૪

(૨) જાહેરનામા:ક્રમાંક:બિ.સ.અનુ.મ-ઉ.મા.શ.બિનશૈક્ષણિક કર્મચારી/ખા.પ/૨૦૨૪/૮૬૮૯-૮૭૨૫, તા.૧૭/૧૦/૨૦૨૪

(૩) જાહેરનામા:ક્રમાંક:બિ.સ.અનુ.મા-ઉ.મા.શ.બિનશૈક્ષણિક કર્મચારી/ખા.પ/૨૦૨૪/૮૭૨૬-૮૭૬૨,તા.૧૭/૧૦/૨૦૨૪

ઉપરોક્ત વિષયમાં જણાવવામાં આવે છે કે, સંદર્ભ-૧ના જાહેરનામાથી શિક્ષણ વિભાગની વર્ગ-૩ની ગૌણ સેવાઓમાં મદદનીશ શિક્ષણ નિરીક્ષક તથા મદદનીશ શિક્ષક અને પંચાયત સંવર્ગના જિલ્લા શિક્ષણ નિરીક્ષક, વિસ્તરણ અધિકારી (શિક્ષણ) અને કેળવણી નિરીક્ષક વર્ગ-૩ની ખાતાકીય પરીક્ષા તથા સંદર્ભ-૨ અને સંદર્ભ-૩ના જાહેરનામાથી અનુક્રમે બિન શૈક્ષણિક કર્મચારીઓની જુનિયર કલાર્ક માટેની લોઅર લેવલ અને સિનિયર કલાર્ક માટેની હાયર લેવલની ખાતાકીય પરીક્ષા લેવા અંગેના જાહેરનામા પ્રસિધ્ધ કરેલ છે.

તેમજ જી.સી.ઈ.આર.ટી હસ્તકના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોના સિનિયર લેકચરર અને લેકચરર માટેની અગાઉની ખાતાકીય પરીક્ષામાં અન ઉતીર્ણ થયેલ સિનિયર લેકચરર અને લેકચરર માટેની ખાતાકીય પરીક્ષા નીચેની વિગતે યોજાનાર છે.

ઉપરોક્ત વિગત સંદર્ભની ખાતાકીય પરીક્ષાઓ <u>તારીખ- ૨૧ અને ૨૨ ડીસેમ્બર ૨૦૨૪ના રોજ</u> લેવામાં આવશે. આ પરીક્ષાની હૉલટિકિટ તા.૧૩/૧૨/૨૦૨૪ ના રોજ બપોર ૩.૦૦ વાગ્યાથી તા.૨૧/૧૨/૨૦૨૪ના સવારના ૧૦.૦૦ વાગ્યા સુધી રાજય પરીક્ષા બોર્ડની વેબસાઈટ www.sebexam.org પરથી ડાઉનલોડ કરી શકાશે. પરીક્ષા સંબંધિત માહિતી માટે વેબસાઈટ સતત જોતા રહેવા વિનંતી.

સચિવ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

સ્થળ :-ગાંધીનગર
તારીખ:-૭/૧૨/૨૦૨૪

પ્રતિ,

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ :</u>

(૧) અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
(૨) નિયામકશ્રી,શાળાઓની કચેરી,વિદ્યા સમીક્ષા કેન્દ્ર,સેકટર-૧૯,ગાંધીનગર.
(૩) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ,વિદ્યા સમીક્ષા કેન્દ્ર,સેકટર-૧૯,ગાંધીનગર.
(૪)નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગાંધીનગર.
(૫)પ્રાચાર્યશ્રી,સંબંધિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

<u>નકલ જાણ તથા કાર્યવાહી સારૂ :</u>

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામ.
(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,તમામ.
(૩) શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, તમામ.
(૪)) જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી,ઉદ્યોગ ભવન,ગાંધીનગર.